કેન્દ્રીય કૃષિ બિલના વિરોધમાં કોંગ્રેસના ગાંધીનગરમાં દેખાવો

વિધાનસભા પરિસરથી રાજભવન સુધી કૂચ : વિરોધ પ્રદર્શનમાં કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા, પરેશ ધાનાણી સહિતના નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા

ગાંધીનગર,તા.૨૮

કેન્દ્રીય કૃષિ બિલના વિરોધમાં કોંગ્રેસ દ્વારા ગાંધીનગરમાં દેખાવો કરવામાં આવ્યા હતા. વિધાનસભા પરિસર સામે સરદાર પટેલની પ્રતિમા પાસે કોંગ્રેસનું વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યા હતા. કોંગ્રેસ દ્વારા સરદાર પટેલની પ્રતિમાથી રાજભવન સુધી કૂચ કરવામાં આવી હતી. આ વિરોધ પ્રદર્શનમાં કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા, પરેશ ધાનાણી સહિતના નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા.. ખેડૂતો અને રાજકીય પક્ષોના સતત વિરોધ વચ્ચે ચોમાસુ સત્રમાં સંસદ દ્વારા પસાર કરાયેલા ખેડૂતો અને ખેતી સંબંધિત બિલોને સંમતિ આપવામાં આવી છે. જેને લઈને જેને લઈને ગુજરાત કોંગ્રેસ દ્વારા આજે ગાંધીનગર ખાતે દેખાવો કરવામાં આવ્યા હતા.

કૃષિ બિલને ખેડૂત વિરોધી હોવાનું દર્શાવી કોંગ્રેસ દ્વારા વિધાનસભા પરિસર સામે સરદાર પટેલની પ્રતિમા પાસે વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યા હતા. કોંગ્રેસ નેતાઓએ સરદાર પટેલની પ્રતિમાથી રાજભવન સુધી કૂચ કરી હતી. આ વિરોધ પ્રદર્શનમાં અમિત ચાવડા, પરેશ ધાનાણી સહિતના નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા. જો કે, કોંગ્રેસના ધારાસભ્ય સી.જે ચાવડા અને બળદેવજી ઠાકોર ધારણા સ્થળે પહોંચ્યા હતા. ખેડૂત વિરોધી કાળા કાયદાનો વિરોધ કરવા અહીં આવ્યા હતા અને જરૂર પડે ખેડૂતોના હિતમાં આગામી દિવસોમાં અનેક કાર્યક્રમો આપવાની જાહેરાત કરી હતી. ગાંધીનગર સ્વર્ણિમ પાર્ક ડો. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમા સામે કોંગ્રેસના કાર્યકર્તાઓ અને નેતાઓ આવવાની શરૂઆત થઈ હતી. કોંગ્રેસ દ્વારા ઘરણા કે રેલીની મંજૂરી માગવામાં નથી આવી પણ પોલીસને જાણ કરવામાં આવી હતી. સ્વર્ણિમ પાર્ક પોલીસ છાવણીમાં ફેરવાઈ ગયું હતું. કોંગ્રેસના કાર્યકરો સ્વર્ણિમ પાર્ક ડો. બાબા સાહેબ આંબેડકરની પ્રતિમાથી રાજભવન સુધી કૂચ કરવાના હતા. પ્રતિબંધિત વિસ્તાર હોવાથી કૂચ કરે તે પહેલા કોંગ્રેસના કાર્યકરોની જિલ્લા સ્તરે પોલીસ દ્વારા અટકાયત કરવામાં આવી છે. ત્યારે મહેસાણા, વડોદરા, અમદાવાદ, સાબરકાંઠા, પ્રાંતિજ સહિત અનેક જગ્યાએ કોંગ્રેસના કાર્યકરોને અટકવવામાં આવ્યા છે.

હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

બહેન, પોઝીટીવ વિચારો... તમે કલ્પના કરો કે તમે નવા ચણિયાચોળી પહેરીને ગરબા ગાવ છો... અને પછી નવરાત્રી ન જ યોજાય તો તમારું કાઉન્સેલીંગ કરી આપીશ...!!

ગાંધી જયંતિએ ગાંધીનગરમાં 'પીડ પરાઈ જાણે રે...' કાર્યક્રમ

ગાંધી જયંતિ નિમિત્તે નગરની જાણીતી કલા સંસ્થા કલા ગુર્જરી દ્વારા સતત ૧૪ માં વર્ષે સુર શબ્દથી પુ બાપુને ભાવાંજલિ અપાશે : કોરોનાના લીધે શ્રોતાઓ ઇ ટી વી ભારતના પોર્ટલ પર કાર્યક્રમની પ્રસ્તુતિ નિહાળી શકશે : નગરજનોને પાર્ટલની એપ્લિકેશન ડાઉનલોડ કરી લેવા માટે અપીલ : સવારે ૬ થી ૮ દરમિયાન આંતરરાષ્ટ્રીય કલાકાર ઓસમાણ મીર ગીતો અને ભજનો રજુ કરશે

ગાંધીનગર તા ૨૮

આગામી તા ૨ ઓકટોબરના રોજ ગાંધી જયંતિ નિમિત્તે નગરની જાણીતી કલા સંસ્થા કલા ગુર્જરી દ્વારા સતત ૧૪ માં વર્ષે સુર અને શબ્દોના માધ્યમથી પુ બાપુની ભાવવંદના કરવા સવારે ૬ થી ૮ કલાક દરમિાન પીડ પરાઈ જાણે રે.. કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યુ છે.કોરોનાની મહામારીને ધ્યાનમાં રાખી આ કાર્યક્રમ ખુલ્લા મેદાનમાં યોજાશે પરંતુ સામે શ્રોતાઓની ઉપસ્થિતિ નહી હોય.. ગાંધીજીની ૧૫૧ મી જયંતિ નિમિત્તે ગાંધીનગરવાસીઓ સહીત સૌ ગાંધી પ્રેમીઓ પુ બાપુને ભાવાંજલિ અર્પણ કરશે. આ સમગ્ર કાર્યક્રમનુ જીવંત પ્રસારણ ઇ ટી વી ભારતના પોર્ટલ દ્વારા કરવામાં આવશે. સૌ ગાંધી પ્રેમીઓને આ એપ્લીકેશન ડાઉનલોડ કરવા પણ સંસ્થા દ્વારા જણાંવાયુ છે.

ગાંધીનગર કલાગુર્જરીના પેટ્રન મહેન્દ્ર ત્રિવેદીના જણાંવ્યા મુજબ પુજય મહાત્મા ગાંધીના જન્મદિવસ નિમિત્તે આગામી તા ૨ ઓકટોબરના રોજ સંસ્થા દ્વારા અહીંસાના પુજારી ગાંધીજીને ભાવાંજલિ અર્પણ કરવા માટે એક કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યુ છે. સંસ્થા દ્વારા સતત ૧૪ માં વર્ષે ગાંધીજીની ભાવવંદના અન્વયે આ કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યુ છે. કોરોનાની મહામારીને અનુલક્ષીને ખુલ્લા મેદાનમાં આ કાર્યક્રમ યોજાશે પરંતુ સામે શ્રોતાઓની હાજરી નહીં હોય..ગાંધી જયંતિની ઉજવણી અંતર્ગત આ કાર્યક્રમમાં પ્રસિધ્ધ આંતરરાષ્ટ્રીય કલાકાર ઓસમાણ મીર તેમજ તેમના વૃંદ દ્વારા ભજનો અને ગીતો રજુ કરવામાં આવશે. આ કાર્યક્રમના ઉદઘોષક તરીકે ડો માર્ગી હાથી સેવા આપશે. સવારે ૬ થી ૮ દરમિયાન ખુલ્લા મેદાનમાં સ્થિત મંચ પરથી કાર્યક્રમની પ્રસ્તુતિ થશે જયારે તેનુ જીવંત પ્રસારણ ઇ ટી વી ભારતના પોર્ટલ દ્વારા કરાશે. આ કાર્યક્રમ નિહાળવા માટે ઇ ટી વી ભારતના પોર્ટલની એપ્લિકેશન પણ ડાઉનલોડ કરી લેવા સૌ ગાંધીપ્રેમીઓને તેમણે વિનંતી કરી છે. પુ ગાંધીજીને સુર શબ્દથી ભીંજવવાના આ અવસરે સવારે ૬ :૧૫ થી પોર્ટલ પર ઉપસ્થિત રહેવા માટે પણ નગરજનોને જણાંવ્યુ છે.

ખૂણેખાંચરેથી

- આજે મુલાકાતીઓ માટેનો દિવસ હોવા છતાં મિટીંગોમાં અધિકારીઓ વ્યસ્ત રહેતાં મંત્રીઓને તેમજ પદાધિકારીઓને મુલાકાત માટે રાહ જોવી પડી હતી.
- ઈ.ગ્રામ વિશ્વગ્રામની બોર્ડ બેઠક આજે રાજયના પંચાયત વિભાગના અધિક મુખ્ય સચિવશ્રીના અધ્યક્ષપદે મળી હતી.
- કોંગ્રેસ દ્વારા આજે યોજાયેલી ન્યાયકૂચમાં નેતાઓ અને કાર્યકરોને ધાર્યા કરતાં વધુ ચાલવું પડયું હતં તેને લઈ બધાને આશ્ચર્ય થયું હતું.
- ગાંધીનગર મનપાની સ્થાયી સમિતિમાં આજે પણ કમિશનરશ્રીએ હાજરી આપવાનું ટાળ્યું હતું.
- પંચાયતોની સામાન્ય ચૂંટણી અંગે નવા સીમાંકન અંગેના આખરી જાહેરનામાની પ્રસિધ્ધિ ૩૦મીએ થશે તેમ મનાઈ રહ્યું છે.
- પૂર્વ મુખ્યમંત્રી શ્રી કેશુબાપાએ જૈફ વયે કોરોનાને મ્હાત કર્યો છે. આજે તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે.
- માણસા તાલુકા વિકાસ અધિકારી સુશ્રી કાપડિયાને પણ આજે હોસ્પિટલમાંથી કોરોના મુકત થતાં રજા અપાઈ છે.

રાંધેજા સાર્વજનિક હોસ્પિટલ તરફ જવાના માર્ગ પર ખદબદતી ગંદકી

કચરાના ઢગ વચ્ચે ગટરોનુ દુષિત પાણી ભરાતા રહીશોને ગુંગળામણ : મેયરને રજુઆત છતા પરિણામ શુન્ય : રાંધેજાવાસીઓ આગ બબુલા

ગાંધીનગર તા ૨૮

ગાંધીનગર નજીક સ્થિત રાંધેજા ગામના રહીશો હાલ દુવિધાઓ વચ્ચે ગુંગળામણ અનુભવી રહ્યા છે. રાંધેજા ગામની ભાગોળે હોસ્પિટલ તરફ જવાના માર્ગ પર છેલ્લા છ મહીનાથી ગટરના દુષિત પાણીનો ભરાવો થાય છે. જેના લીધે સ્થાનિકોમાં રોગચાળાની દહેશત પ્રવર્તી છે. આ વિસ્તારમાં તુટેલા માર્ગો ઉપરાંત ગંદકીના ઢગ ખડકાયા છે. સફાઇના નામે મીંડુ છે. મેયરને રજુઆત કરવામાં આવી હોવા છતા સમસ્યાના નિરાકરણ માટે કોઇ પગલા લેવાતા ન હોવાનો રોષ સ્થાનિકોએ ઠાલવ્યો છે.

શહેરના સેકટરોમાં પણ ગંદકીની સમસ્યા વકરી છે. અસહ્ય ગંદકીના લીધે ગ્રામજનો પરેશાન છે. જયારે ગામની ભાગોળે થી સાર્વજનિક હોસ્પિટલ તરફ જવાના માર્ગ પર છેલ્લા છ મહીનાથી ગટરો ઉભરાતી નજરે પડે છે. જેના લીધે આ વિસ્તારમાં અસહ્ય ગંદકી પ્રવર્તી છે. આ સ્થિતિ વચ્ચે સ્થાનિકો પણ ગુંગળામણ અનુભવી રહ્યા છે. કચરાના ઢગ દુર થાય અને ગટરોની ફરિયાદોનુ નિરાકરણ આવે તે માટે સ્થાનિકો દ્વારા મેયરને પણ રજુઆત કરવામાં આવી છે. આમછતા હજુ સુધી કોઇ પગલા લેવાયા નથી ત્યારે કોરોનાના કહેર વચ્ચે સ્થાનિકો માથે રોગચાળાનો ખતરો ઝળુંબી રહ્યો છે. સ્થાનિકોની સમસ્યાના ઉકેલ માટે અનેક રજુઆતના અંતે કોઇ પગલા ન લેવાતા અન્યાય થઇ રહ્યો હોવાની લાગણી સાથે રોષ વ્યકત કરી રહ્યા છે. રાંધેજાવાસીઓની સમસ્યાનુ ત્વરિત નિરાકરણ આવે તેવી પ્રબળ માંગણી પણ તેમણે કરી છે. આ વિસ્તારમાં ઠેર ઠેર ગંદકી સાથે દુવિધાઓના ઢગ ખડકાયા છે ત્યારે સ્થળ પર નિરિક્ષણ કરી ત્વરિત કામગીરી હાથ ધરાય તેવી લાગણી પણ સ્થાનિકોએ વ્યકત કરી છે.

શહેરના ચ માર્ગ પર ટ્રાફિકજામના દ્રશ્યો સર્જાયા

ગાંધીનગર શહેરના સ્વર્ણીમ પાર્ક ખાતે આવેલ ડો.બાબા સાહેબ આંબેડકરની પ્રતિમા પાસે સવારના ૧૦ વાગે કૃષિબિલના વિરોધમાં કોંગ્રેસના કાર્યકરો દ્વારા દેખાવો કરવામાં આવ્યા હતા. આ વિરોધ પ્રસંગે કોંગેસના કાર્યકરો મોટીસંખ્યામાં ઉમટી પડ્યા હતા. જેને પગલે ઓફિસ ટાઈમ સમયે ચ માર્ગ પર ગાડીઓનો ખડકલો જોવા મળતા ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા. સચિવાલય અને વિધાનસભામાં ફરજ બજાવતા કર્મચારીઓ ટ્રાફિકમાં અટવાઈ ગયા હતા.

પેથાપુરવાસીઓ માટે જીઈબીનો ગેટ ક્યારે ખુલશે

પેથાપુરના ગ્રામજનોને પાલજ, લેકાવાડા, ચિલોડા તેમજ બોરીજ, ઈન્દ્રોડા તરફ જવા આવવા માટે વર્ષો જુનો જીઈબીનો માર્ગ અને ગેટ છે જેનો ઉપયોગ પેથાપુરવાસીઓ કરે છે. પરંતુ છેલ્લા કેટલાક સમયથી આ ગેટને તાળુ મારી દેવાયું છે. જેને પગલે સ્થાનિક નાગરીકોને લાંબુ અંતર કાંપીને પેથાપુર ગામમાં જવુ પડે છે. ત્યારે આ ગેટ પર લાગેલા ખંભાતી તાળા તાત્કાલીક અસરથી ખુલે તેવી પેથાપુરવાસીઓની લાગણી અને માંગણી છે.

ઓનલાઈન ટેન્ડરની જાહેર નિવિદા
ગાંધીનગર જિલ્લા પંચાયત, મા. અને મ. વિભાગ
જાહેર નિવિદા નં. ૭/૨૦૨૦-૨૧

કાર્યપાલક ઈજનેરશ્રી, મા.મ. વિભાગ, જિલ્લા પંચાયત, ગાંધીનગર ૩૮૨૦૧૭ (ફોન નં. ૦૭૯-૨૩૨૫૬૯૬૮)ની કચેરી તરફથી ૧૧ (અગિયાર) કામની અંદાજીત રકમ રૂ. ૭.૪૧ થી ૧૩૬.૪૦ લાખ છે. જેના માટે ગુજરાત રાજ્ય બાંધકામ ખાતાના રજીસ્ટર્ડ ઈજારદારશ્રીઓ પાસેથી ટેન્ડર માંગવામાં આવે છે. ઈ-ટેન્ડરની વિગતો અત્રેની કચેરીએથી તથા http://rnb.nrpocure.com તથા www.nprocure.com વેબસાઈટ પરથી જોવા મળશે. અને ઈજારદારશ્રીઓએ ઓનલાઈન ટેન્ડર ભરવાના રહેશે. ટપાલ દ્વારા કે રૂબરૂ ટેન્ડર સ્વીકારવામાં આવશે નહી.

ઓનલાઈન સબમીશનની છેલ્લી તારીખ	તા. ૧૯/૧૦/૨૦૨૦ સમય ૧૮.૦૦ કલાક સુધી
ટેન્ડર ઓપનીંગ ઓનલાઈન	તા. ૨૦/૧૦/૨૦૨૦ સમય ૧૧.૩૦ કલાક
ટેન્ડર ફી, બાનાની રકમ તથા અન્ય ડોક્યુમેન્ટ રજૂ કરવાની તારીખ (આર.પી.એ.ડી.)થી	તા. ૨૭/૧૦/૨૦૨૦ સમય ૧૮.૧૦ કલાક સુધી

માહિતી/૯૭૮/૨૦-૨૧

કચ્છના રાપર ખાતે એડવોકેટની હત્યાના બનાવને દલિત સેનાએ વખોડી કાઢ્યો

કચ્છ જિલ્લાના રાપરના એડવોકેટ દેવજીભાઈ મહેશ્વરીની તિક્ષ્ણ હથીયારના ઘા ઝીંકીને મોતને ઘાટ ઉતારી દીધા હોવાની ઘટના બની છે. ઘટનાને ગાંધીનગર જિલ્લા દલિત સેના સખ્ત શબ્દોમાં વખોડી કાઢી, આ હત્યામાં સંડોવાયેલા આરોપીઓની ધરપકડ કરી કડક શિક્ષા કરવા સરકાર પાસે માંગણી કરી છે. સમગ્ર કચ્છ જિલ્લામાં હાહાકાર મચાવનાર રાપરના એડવોકેટની હત્યાથી ગુજરાત-ગાંધીનગર જિલ્લાના દલિત સમાજમાં રોષ ભભુકી ઉઠ્યો છે. બનાવમાં સંડોવાયેલા આરોપીઓની ધરપકડ કરી સરકાર દ્વારા કડકમાં કડક શિક્ષાત્મક પગલા ભરવામાં આવે. અત્યાચાર અને હત્યાના બનાવો બનતા અટકે તેવી માંગ ગાંધીનગર જિલ્લા દલિત સેના પ્રમુખ બાબુભાઈ એચ. મેસરવાલા અને મહામંત્રી ગુલાબચંદ પટેલે કરી છે.

મગોડી સ્થિત રાહેલબા વૃદ્ધાશ્રમના ૫૦ વડીલો સાથે ભાજપ દ્વારા મનકી બાત કાર્યક્રમ માણ્યો

ગાંધીનગર જિલ્લાના મગોડી ગામે રાહેલબા વૃદ્ધાશ્રમ ખાતે સંસ્થામાં રહેતા ૫૦ જેટલા વડીલો સાથે દેશના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના 'મનકી બાત'નો કાર્યક્રમ સાંભળવામાં આવ્યો હતો. યુવા મોરચાના ધવલભાઈ દવે, નિરવભાઈ દવે, ગાંધીનગર જિલ્લા યુવા ભાજપના પ્રમુખ વિજેન્દ્રસિંહ વાઘેલા તથા ઉપપ્રમુખ જૈમિન પટેલ તથા પોરબંદર જિલ્લા ભાજપ યુવા મોરચાના મંત્રી જયભાઈ કક્કડ વગેરે કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

ફેન્સીંગ રમતમાં પાર્વતી ઠાકોરને સરદાર પટેલ જુનિયર એવોર્ડથી સન્માનિત કરાઈ

નેહા શાહને જયદિપસિંહજી બારીયા જુનિયર એવોર્ડ એનાયત

ગાંધીનગર, તા.૨૮

રાજય સરકારના રમત-ગમત વિભાગ દ્વારા વર્ષ ૨૦૧૫-૧૦૧૬ ના વર્ષ માટે જયદિપસિંહજી બારીયા અને સરદાર પટેલ એવોર્ડ વિજેતા ખેલાડીઓના નામ જાહેર કરવામાં આવ્યા છે. જેમાં ફેન્સીંગ રમતમાં વિશિષ્ટ સિધ્ધી મેળવવા બદલ વર્ષ ૨૦૧૫-૨૦૧૬ માટે ગાંધીનગર શહેરની કુ.પાર્વતિબેન ભરતજી ઠાકોરને સરદાર પટેલ જુનિયર એવોર્ડ અને કુ.નેહા મુકેશભાઈ શાહને જયદિપસિંહજી જુનિયર એવોર્ડ એનાયત કરવામાં આવ્યા છે. આ એવોર્ડ વિજેતા ખેલાડીઓને ટ્રોફી, બ્લેઝર અને ક્રેસ્ટ ગાંધીનગર જિલ્લા રમત-ગમત અધિકારી મહેશભાઈ ચૌધરી દ્વારા ખેલાડીઓને આપી સન્માનિત કરાયા હતા.

ઉલ્લેખયનીય છે કે રાજય સરકાર દ્વારા સતત ત્રણ વર્ષની રાજયકક્ષાએ મેળવેલી સિધ્ધીઓને ધ્યાને લઈ જયદીપસિંહજી બારીયા જુનિયર અને સિનિયર એવોર્ડ તેમજ સતત ત્રણ વર્ષની રાજય કક્ષાએ મેળવેલી સિધ્ધીઓને ધ્યાને લઈ સરદાર પટેલ જુનિયર એવોર્ડ એનાયત કરવામાં આવે છે. એવોર્ડ વિજેતા બંન્ને ખેલાડી બેહનો પાર્વતી ઠાકોર અને નેહા શાહને એમેચ્યોર ફેન્સીંગ એસોસીએશન ઓફ ગુજરાત સ્ટેટના સેક્રેટરી ભરતજી ઠાકોર દ્વારા સન્માનિત કરી અભિનંદન સહ શુભેચ્છા પાઠવવામાં આવી છે.

કલોલના એસપીજી નેતા ધર્મેન્દ્ર પટેલ પર તલવાર, ડંડાથી હુમલો

ગાંધીનગર,તા.૨૮

કલોલ ખાતે SPG નેતા ધર્મેન્દ્ર પટેલ પર જીવલેણ હુમલો થયો છે. જૂની અદાવતમાં આ હુમલો કરવામાં આવ્યો છે. આ હુમલા અંગેના સીસીટીવી પણ સામે આવ્યા છે. હુમલા બાદ ધર્મેન્દ્ર પટેલને સારવાર માટે હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. ધર્મેન્દ્ર પટેલનું કહેવું છે કે અંગત અદાવતમાં આ હુમલો કરવામાં આવ્યો હોઈ શકે છે. પોલીસે આ કેસમાં સીસીટીવી ફૂટેજ પરથી આરોપીઓને ઓળખવાની કાર્યવાહી શરૂ કરી છે. આ મામલે કલોલ પોલીસે ગુનો દાખલ કર્યો છે. ધર્મેન્દ્ર પટેલ પર જૂની અદાવતમાં હુમલો થયો છે. મળતી માહિતી પ્રમાણે લૉકડાઉન દરમિયાન એક યુવતીની છેડતી થઈ હતી. આ દરમિયાન ધર્મેન્દ્ર પટેલે દરમિયાનગીરી કરી હતી. આ મામલે પહેલા ઝઘડો પણ થયો હતો. આથી આશંકા છે કે છેડતીના જૂના મામલે અંગત અદાવતમાં આ હુમલો કરવામાં આવ્યો હોઈ શકે છે. કલોલ પોલીસે હુમલા અંગે ગુનો નોંધીને વધારે તપાસ શરૂ કરી છે. સીટીવી ફૂટેજમાં જોઈ શકાય છે કે ધર્મેન્દ્ર પટેલ એક દુકાનમાં દોડી આવે છે, તેની પાછળ બેથી ત્રણ લોકો દુકાનમાં ઘસી આવે છે. આ દરમિયાન ધર્મેન્દ્ર પટેલ અંદરથી દુકાનના દરવાજાને ધક્કો મારી રાખે છે. જોકે, હુમલાખોરો દરવાજાને ધક્કો મારીને અંદર ઘસી આવી છે. હુમલાખોરના હાથમાં તલવાર જેવા તીક્ષ્ણ હથિયાર તેમજ લાકડી અને લોખંડના પાઈપ હોય છે. તમામ લોકો આ હથિયાર સાથે ધર્મેન્દ્ર પટેલ પર હુમલો કરે છે. આ દરમિયાન ધર્મેન્દ્ર પટેલ હુમલાખોરથી બચવા માટે પ્રયાસ કરી રહ્યા છે. આ સમયે દુકાનમાં બે લોકો હાજર હોવાનું લાગી રહ્યું છે. સીસીટીવી ફૂટેજમાં જોઈ શકાય છે કે હુમલા બાદ ધર્મેન્દ્ર પટેલના હાથમાંથી લોહી નીકળી રહ્યું છે. હુમલાખોરથી બચવા માટે તેઓ હાથ વડે તલવાર પકડી રાખે છે. આ દરમિયાન અન્ય હુમલાખોરો તેના પર લાકડી અને તલવારથી હુમલો કરી રહ્યા છે. આ હુમલો ૨૭મી તારીખે સાંજના પાંચ વાગ્યાની આસપાસ થયાનું સીસીટીવીમાં જોઈ શકાય છે. સીસીટીવીમાં જોઈ શકાય છે કે ચાર જેટલો હુમલાખોરો ધર્મેન્દ્ર પટેલને ખેંચીને દુકાનમાંથી બહાર લાવે છે.

કોરોના લોકડાઉનના કારણે સર્જાયેલા મંદીના વાતાવરણમાં આશાસ્દ સમાચાર છે કે ગાંધીનગરમાં ધીમે ધીમે ધંધા રોજગાર થાળે પડી રહ્યા છે અને હવે કેટલાક સાહસિકો દ્વારા નવા ધંધાની શરૂઆત કરવાના સાહસો પણ હાથ ધરવામાં આવી રહ્યા છે. આજે શહેરના ન્યુ ગાંધીનગરના કુડાસણ વિસ્તારમાં શરૂ થયેલી બે દુકાનો પૈકી એક મોબાઈલ શોપનું ઉદઘાટન શહેરના ડેપ્યુટી મેયર નાઝાભાઈ ઘાંઘરના હસ્તે કરાયું હતું જયારે એક કરિયાણાની દુકાનનું ઉદઘાટન શહેરના પૂર્વ મેયર મહેન્દ્રસિંહ રાણાના હસ્તે કરાયું હતું. આ પ્રસંગે શહેરના ભાજપ પ્રમુખ મહેન્દ્રભાઈ પટેલ ઉપરાંત અગ્રણી તુલસીભાઈ માલી, ભલાજી માલી, કસ્તુરભાઈ માલી, પ્રકાશ માલી તથા યોગરાજ માલી સહિત કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.